Extra No. 292

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LX] THURSDAY OCTOBER 24, 2019 / KARTIKA 2, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૯.

તારીખ:**૨૪મી ઓક્ટોમ્બર, ૨૦૧૯**ના **ગુજરાત રાજપત્ર**, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૯ના ગુજરાત **વટહુકમ ક્રમાંક:૧** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૯.

## GUJARAT ORDINANCE NO. 1 OF 2019.

## *AN ORDINANCE*

***to provide for exemption from certain approvals and inspections for establishment and operation of the micro, small and medium enterprises in the State of Gujarat and matters connected therewith or incidental thereto.***

સન ૨૦૧૯નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૧ .

*ગુજરાત રાજ્યમાં સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસના સ્થાપન અને કામગીરીને અમુક મંજૂરી અને નિરીક્ષણમાંથી મુક્તિ આપવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વટહુકમ.*

સમાવેશક આર્થિક વિકાસને ઉત્તેજન આપવાના અને રોજગારી ઊભી કરવાના હેતુથી, રાજ્ય ઉદ્યોગસાહસોના સ્થાપનની ખાસ જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ઉદ્યોગસાહસિકતાને ઉત્તેજન આપવા માંગે છે, સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના સ્થાપન અને કામગીરી માટે આવશ્યક હોય તેવી અમુક મંજૂરી અને નિરીક્ષણમાંથી મુક્તિ આપવી ઇષ્ટ છે;

અને ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત રાજ્યમાં સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના સ્થાપન અને કામગીરી માટેની અમુક મંજૂરી અને નિરીક્ષણમાંથી મુક્તિ આપવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઇ કરવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.- (૧) આ વટહુકમ ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના ( સ્થાપન અને કામગીરી સરળ બનાવવા) બાબત વટહુકમ, ૨૦૧૯ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(3) તે તરત જ અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- આ વટહુકમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "સ્વીકૃતિ પ્રમાણપત્ર" એટલે કલમ ૫ હેઠળ કાઢી આપેલું સ્વીકૃતિ પ્રમાણપત્ર;

(ખ) "મંજૂરી" એટલે ગુજરાત રાજ્યમાં ઉદ્યોગસાહસના સ્થાપન અથવા કામગીરી સાથે સંકળાયેલા ગુજરાત કાયદા હેઠળ આવશ્યક કોઇ પરવાનગી, ના-વાંધા, ક્લીયરન્સ, સંમતિ, મંજૂરી, રજિસ્ટ્રેશન (નોંધણી), લાઈસન્સ અને તેના જેવી બીજી બાબતો;

(ગ) "સક્ષમ સત્તામંડળ" એટલે સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ, વૈધાનિક મંડળ, રાજ્યની માલિકીનું નિગમ, પંચાયતી રાજ સંસ્થા, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળો, શહેરી સુધારણા ટ્રસ્ટ અથવા રાજ્યમાં ઉદ્યોગસાહસના સ્થાપન અથવા કામગીરી માટેની મંજૂરી આપવા અથવા કાઢી આપવા માટેની સત્તા અથવા જવાબદારી સોંપવામાં આવેલ હોય તેવું કોઈ રાજ્ય કાયદાથી અથવા તે હેઠળ રચાયેલ અથવા સ્થપાયેલ અથવા સરકારના વહીવટી નિયંત્રણ હેઠળનું કોઇ બીજું સત્તામંડળ અથવા એજન્સી;

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૯મો.

(ઘ) "જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (District Level Facilitation Committee) (DLFC)" એટલે ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૫ હેઠળ રચાયેલી જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ;

(ચ) "ઉદ્યોગસાહસ(એન્ટરપ્રાઈઝ)" એટલે સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગ;

(છ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(જ) "સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગ" એટલે ઉદ્યોગ વિકાસ અધિનિયમ, ૨૦૦૬માં ઉલ્લેખ કર્યા પ્રમાણેના સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગ; સન ૨૦૦૬નો ૨૭મો.

(ઝ) "નોડલ એજન્સી" એટલે કલમ ૩માં ઉલ્લેખેલી નોડલ એજન્સી;

(ટ) "જાહેરનામું" એટલે ગુજરાતના રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલું જાહેરનામું અને "જાહેર કરેલ" એ શબ્દોનો અર્થ તદનુસાર કરવો;

(ઠ) "ઠરાવેલું" એટલે આ વટહુકમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ડ) "રાજ્ય" એટલે ગુજરાત રાજ્ય;

(ઢ) "એક-બારી સરલીકરણ સમિતિ (Single Window Facilitation Committee) (SWFC)" એટલે ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૬ હેઠળ રચાયેલી એક-બારી સરલીકરણ સમિતિ (Single Window Facilitation Committee) સમિતિ; સન ૨૦૧૭ ગુજરાતનો ૨૯મો.

(ત) "અન્ડરટેકિંગ" એટલે ઉદ્યોગસાહસ પાસેથી ઠરાવેલ પ્રારૂપમાં લેવાનો પત્ર જેમાં એવી બાંયધરી સમાવિષ્ટ હોય કે ઉદ્યોગસાહસ કાયદા દ્વારા ફરમાવ્યા પ્રમાણેના યોગ્ય મજૂર કલ્યાણનાં પૂરતાં અગ્નિ સલામતીના અને પર્યાવરણીય પગલાં સુનિશ્ચિત કરશે.

3. નોડલ એજન્સી.- (૧) સરકારની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૮ હેઠળ રચાયેલી રોકાણકાર સરલીકરણ એજન્સી (IFA), આ વટહુકમના હેતુ માટે રાજ્ય સ્તરની નોડલ એજન્સી રહેશે. સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૯મો.

(૨) સરકારની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને જિલ્લા સ્તરની સરલીકરણ એજન્સીને અધીન રહીને, આ વટહુકમના હેતુઓ માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર (DIC) જિલ્લા સ્તરની નોડલ એજન્સી રહેશે.

૪ નોડલ એજન્સીની સત્તા અને કાર્યો- (૧) સરકારની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, નોડલ એજન્સીની સત્તા અને કાર્યો નીચે મુજબના રહેશે:-

(ક) રાજ્યમાં ઉદ્યોગોસાહસોની સ્થાપના માટે સહાય અને સગવડ આપવી; અને

(ખ) આ વટહુકમ હેઠળ મળેલા ઈરાદાના એકરારના અને કાઢી આપવામાં આવેલા સ્વીકૃતિ પ્રમાણપત્રોના રેકર્ડની જાળવણી કરવી.

(૨) રાજ્ય સરકાર, આ વટહુકમની જોગવાઈઓનો અમલ કરવા પોતાને યોગ્ય લાગે તેમ નોડલ એજન્સીઓને એવા બીજા કાર્યો અને સોંપી શકશે.

૫. એકરાર રજૂ કરવા બાબત. (૧) ઉદ્યોગસાહસ શરૂ કરવા ઈચ્છતી કોઈ વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે રાજ્ય સ્તરની નોડલ એજન્સીને, ઉદ્યોગસાહસ શરૂ કરવાના ઈરાદાનો એકરાર રજૂ કરી શકશે.

સ્પષ્ટીકરણઃ- આ વટહુકમના આરંભ પહેલાં, કલમ ૨-ના ખંડ (ખ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની તમામ અથવા કોઈપણ મંજૂરી મેળવવા માટે સક્ષમ સત્તામંડળને અરજી કરેલ હોય તેવી કોઈ વ્યક્તિ, આ પેટા-કલમ હેઠળ ઉદ્યોગસાહસ શરૂ કરવાના ઈરાદાનો એકરાર રજૂ કરવાનો વિકલ્પ પણ લઈ શકશે.

(૨) તમામ બાબતોએ પરિપૂર્ણ કરેલો એકરાર મળ્યેથી રાજ્ય સ્તરની નોડલ એજન્સીએ, જેણે પેટા-કલમ (૧) હેઠળ એકરાર રજૂ કર્યો હોય તેવી વ્યક્તિને, તાત્કાલિક ઠરાવેલ નમૂનામાં સ્વીકૃતિ પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.

૬. સ્વીકૃતિ પ્રમાણપત્રનો અમલ.- (૧) કલમ ૫ હેઠળ કાઢી આપેલ સ્વીકૃતિ પ્રમાણપત્ર, તમામ હેતુઓ માટે જાણે કે તે કલમ ૨ ના ખંડ (ખ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની મંજૂરી હોય તેમ, તે કાઢી આપ્યાની તારીખથી ત્રણ વર્ષની મુદત માટે અમલી રહેશે અને ત્રણ વર્ષની સદરહુ મુદત પૂરી થયા પછી, ઉદ્યોગસાહસ(એન્ટરપ્રાઇઝ)-એ એવી મુદત પૂરી થયાની તારીખથી છ મહિનાની અંદર, કલમ ૨ ના ખંડ (ખ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની જરૂરી મંજૂરી મેળવવાની રહેશેઃ

પરંતુ ઉદ્યોગસાહસ(એન્ટરપ્રાઇઝ), સ્વીકૃતિ પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર, સંબંધિત કાયદા હેઠળ જરૂરી પરવાનગી માટે અરજી કરી શકશેઃ

વધુમાં, સ્વીકૃતિ પ્રમાણપત્ર મળવાથી કોઇ વ્યક્તિ, જયાં માસ્ટર પ્લાન (મુખ્ય યોજના) અમલમાં હોય, ત્યાં તેવા પ્લાનમાં નિર્દિષ્ટ કરેલ ઉપયોગ સિવાયનો જમીનનો કોઇ ઉપયોગ કરવા હકદાર થશે નહિ. તેનાથી કોઇ વ્યક્તિ, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૬૫-ખ ના ખંડ(ખ)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો પ્રતિબંધિત કક્ષાઓ પૈકીનો જમીનનો ઉપયોગ કરવા પણ હકદાર થશે નહિ: સન ૧૮૭૯નો મુંબઇનો ૫ મો.

વળી, કોઇ વ્યક્તિ કોઇ ખેતીની જમીન પર કોઇ ઉદ્યોગસાહસ શરૂ કરવા ઇચ્છતી હોય, તો તેવી જમીન, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૬૫-ખ ની જોગવાઇઓ હેઠળ બિન-ખેતીની જમીન ગણાશે: સન ૧૮૭૯નો મુંબઇનો ૫ મો.

પરંતુ, તેમ છતાં, ઉદ્યોગસાહસને નીચે જણાવ્યા પ્રમાણે(અધિનિયમો/વટહુકમ)ની જોગવાઇઓમાં છૂટછાટ મળશે નહિ-

(૧) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૭૩કક; સન ૧૮૭૯નો. મુંબઇનો ૫ મો.

(૨) ગુજરાત ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમો ૪૩ અને ૬૩કક; સન ૧૯૪૮નો મુંબઇનો ૬૭મો.

(૩) ગુજરાત ગણોતવહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમો ૫૭ અને ૮૯ક; સન ૧૯૫૮નો મુંબઇનો ૯૯મો.

(૪) સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોતવહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૫; સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મો.

(૨) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી ત્રણ વર્ષની મુદત દરમિયાન, કલમ ૨-ના ખંડ (ખ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઇ મંજૂરીના સંબંધમાં અથવા તેના હેતુ માટે, કોઈપણ સક્ષમ સત્તામંડળે કોઇપણ નિરીક્ષણ હાથ ધરવું જોઈશે નહિ:

પરંતુ સ્વીકૃતિ પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખથી ત્રણ વર્ષની અંદર સંબંધિત કાયદા હેઠળ, ઉદ્યોગસાહસે જરૂરી પરવાનગી માટે અરજી કરેલી હોય તેવા કિસ્સામાં, સક્ષમ સત્તામંડળને સદરહુ ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન નિરીક્ષણ હાથ ધરવા માટેની સત્તા આપવામાં આવશે.

૭. માફી.- સરકાર અથવા તે હેઠળના કોઇ સત્તામંડળને, કોઇ કેન્દ્રીય અધિનિયમ હેઠળ તેને સંબંધિત હોય તેવી કોઇપણ મંજૂરી અથવા નિરીક્ષણ અથવા કોઇપણ જોગવાઇઓમાંથી કોઇ ઉદ્યોગસાહસને માફી આપવાની સત્તા આપવામાં આવે, ત્યારે સરકાર અથવા યથાપ્રસંગ, આવું કોઇ સત્તામંડળ, આવા કેન્દ્રીય કાયદાની જોગવાઇઓને અધીન રહીને, કલમ ૫-ની પેટા-કલમ (૨) હેઠળ કાઢી આપવામાં આવેલ સ્વીકૃતિ પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખથી ઓછામાં ઓછા ત્રણ વર્ષના સમયગાળા માટે, રાજ્યમાં સ્થપાયેલ ઉદ્યોગસાહસને આવી માફી આપવાની આવી સત્તા વાપરશે.

૮. શુદ્ધબુદ્ધિપૂર્વક લીધેલાં પગલાંને રક્ષણ.- આ વટહુકમ અથવા તે હેઠળ કરેલા કોઇપણ નિયમો હેઠળ, સરકાર અથવા નોડલ એજન્સી અથવા સક્ષમ સત્તામંડળ અથવા સરકાર, નોડલ એજન્સી અથવા સક્ષમ સત્તામંડળના કોઈ કર્મચારી સામે આ વટહુકમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલા અથવા કરવા ધારેલા કોઇપણ કૃત્યના સંબંધમાં, કોઈ દાવો, ફોજદારી કાર્યવાહી ચલાવી શકાશે નહિ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

૯. વટહુકમ બીજા કાયદાને ઉપરવટ રહેશે.- (૧) આ વટહુકમની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ રાજ્ય કાયદામાં ગમે તે અસંગત હોય તેમ છતાં, આ વટહુકમની જોગવાઇઓ અમલમાં રહેશે.

(૨) ખાસ કરીને અને આ વટહુકમની પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નીચેના અધિનિયમનોની જોગવાઈઓમાં ગમે તે અસંગત હોય તેમ છતાં, આવી જોગવાઈઓ અમલમાં રહેશે અને આ અધિનિયમનોની જોગવાઈઓ, આ વટહુકમની જોગવાઈઓ અનુસાર સુધાર્યા પ્રમાણે વંચાણમાં લેવાશે:-

સન ૧૮૭૯નો મુંબઇનો ૫-મો. (ક) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯;

(ખ) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮; સન ૧૯૪૮નો મુંબઇનો ૬૭મો.

(ગ) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯; સન ૧૯૪૯નો મુંબઇનો ૫૯મો.

(ઘ) સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯; સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મો.

(ચ) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮; સન ૧૯૫૮નો મુંબઇનો ૯૯મો.

(છ) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩; સન ૧૯૪૯નો ગુજરાતનો ૩૪મો.

(જ) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬; સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મો.

(ઝ) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩. સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

૧૦. અપવાદ.- કલમ ૭ની જોગવાઈઓને અધીન રહીને, આ વટહુકમમાંનો કોઈપણ મજકૂર, આ વટહુકમમાં સ્પષ્ટ જોગવાઈ કરી હોય તેટલે અંશે હોય તે સિવાય, તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓ અથવા તે હેઠળ ઠરાવેલા કોઈ નિયમનકારી પગલાં અથવા ધોરણો લાગુ પડવામાંથી કોઈ ઉદ્યોગસાહસને મુક્તિ આપી છે એમ ગણાશે.

૧૧. નિયમો કરવાની સત્તા.- (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ વટહુકમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ વટહુકમ હેઠળ કરેલા તમામ નિયમો, પૂર્વ-પ્રસિદ્ધિની શરતને અધીન રહેશે.

(૩) આ વટહુકમ હેઠળ કરેલ તમામ નિયમો, તે કરવામાં આવે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તેની તરત પછીના આવતા સત્રમાં, રાજ્ય વિધાનમંડળ, તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફારો કરે તેને અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા કોઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તેનો અમલ થશે.

૧૨. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.- (૧) આ વટહુકમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો, સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી લાગે તેવી, આ વટહુકમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે:

પરંતુ આ વટહુકમના આરંભ(ની તારીખ)થી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આ કલમ હેઠળ આવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનંડળ સમક્ષ મૂકવો જોઈશે.

નિવેદન

રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ પર ઉદારીકરણ અને વૈશ્વિકરણનો હકારાત્મક પ્રભાવ છે. રોકાણને આકર્ષવા અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયત્નો છતાં પણ એવું અનુભવાયું છે કે સૌથી મહત્વના સુધારણા કરવાને લગતા પડકારો પૈકીનો એક પડકાર, વેપાર કરવાની સગવડમાં સુધારો કરવાનો રહેલો છે. આ હેતુને સુરક્ષિત કરવા માટે, રાજ્યમાં વેપારની પરિસ્થિતિના સુધારા માટેની ટૂંકી રૂપરેખા તૈયાર કરવી જરૂરી જણાતી હતી. રાજ્ય સરકારે, ઔદ્યોગિક ક્ષેત્રમાં સંભવિત રોકાણકારોના દ્રષ્ટિકોણથી ઉદ્યોગોની સ્થાપના માટે વિવિધ કાર્યરીતિઓના સરળીકરણ સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરી છે.

રાજ્ય સરકાર, રાજ્યમાં રોકાણકારને અનુકૂળ વાતાવરણ ઊભું કરવાની બાબતમાં પ્રતિબદ્ધ છે. રોકાણને પ્રોત્સાહન આપવા અને ગુજરાત રાજ્યને રોકાણકાર માટે અનુકૂળ રાજ્ય બનાવવા માટે, છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણાં પગલાં લેવામાં આવ્યા છે અને તે માટે ગુજરાત રાજ્યમાં સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોની સ્થાપના અને કામગીરી માટે ચોક્કસ મંજૂરી અને નિરીક્ષણમાંથી મુક્તિ માટેની જોગવાઈ કરે તેવો કાયદો હોવાનું જરૂરી જણાય છે. ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો (સ્થાપના અને કામગીરીની સુગમતા) વટહુકમ, ૨૦૧૯ની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે:

(૧) ઉદ્યોગસાહસ શરૂ કરવાનો ઈરાદો ધરાવતા કોઈ ઉદ્યોગસાહસિકે 'ઈરાદાના એકરાર' માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે અને નોડલ એજન્સી દ્વારા તાત્કાલિક ઉદ્યોગ સાહસિકને 'સ્વીકૃતિ દસ્તાવેજ' કાઢી આપવામાં આવશે.

(૨) એવું મજબૂત તંત્ર તૈયાર કરવામાં આવશે કે જેથી કરીને પોર્ટલ પર માત્ર 'ઈરાદાનો એકરાર' ભરીને જ ઉદ્યોગસાહસિક તાત્કાલિક સ્વીકૃતિ દસ્તાવેજ ઓનલાઈન મેળવશે.

(૩) ઉદ્યોગસાહસને ત્રણ વર્ષ માટે મંજૂરી અને પરવાનગીમાંથી મુક્તિ આપવામાં આવશે.

(૪) ત્રણ વર્ષ પૂર્ણ થયા પછી, ઉદ્યોગસાહસે છ મહિનાની અંદર જરૂરી મંજૂરી મેળવવાની રહેશે.

સદરહુ વટહુકમ, ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનું અને રાજ્ય સરકાર દ્વારા રોકાણને કાર્યાન્વિત કરવાનું એક મુખ્ય પગલું રહેશે તથા રોકાણને સુલભ બનાવવા, નવીનીકરણને ઉત્તેજન આપવા અને રાજગોરીની તકો વધારવા માટેનો તે મુખ્ય કાયદો રહેશે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર, આચાર્ય દેવવ્રત,
તારીખ: ૨૨મી ઓક્ટોબર, ૨૦૧૯. ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. કે. દાસ,
સરકારના અગ્ર સચિવ.

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.